| | | | |
|---|---|---|---|
| વીમો | ૨,૦૦૦ | | |
| ઉપાડ : સોનુ | ૨,૦૦૦ | | |
| મીત | ૩,૦૦૦ | | |
| હાથ પર રોકડ | ૫,૫૦૦ | | |
| ભાડું | ૧૦,૦૦૦ | | |
| પાવર અને બળતણ | ૩,૦૦૦ | | |
| | ૧,૮૭,૫૦૦ | | ૧,૮૭,૫૦૦ |

હવાલા:

(૧) તા. ૩૧મી માર્ચ ૨૦૧૮ના રોજ હાથ પર સ્ટોક રૂ. ૩૫,૦૦૦નો હતો.

(૨) દેવાદારોમાંથી રૂ. ૨,૦૦૦ ઘાલખાધના માંડી વાળો અને ૫% લેખે ઘાલખાધ અનામત રાખો.

(૩) જમીન અને મકાન પર ૫% લેખે અને યંત્રો પર ૧૦% લેખે ઘસારો ગણો.

(૪) ચૂકવવાના બાકી ખર્ચા, મજૂરી રૂ. ૨,૦૦૦ અને પગાર રૂ. ૧,૦૦૦ હતા.

(૫) રૂ. ૪,૦૦૦ ઉધાર ખરીદીના ચોપડે નોંધાયેલા નથી.

(૬) ભાગીદારોની મૂડી પર વાર્ષિક ૫% લેખે વ્યાજ ગણો.

તા. ૩૧-૩-૨૦૧૮ના રોજ પુરા થતાં વર્ષના વાર્ષિક હિસાબો તૈયાર કરો.

અથવા

પ્રશ્ન-૨: (અ) વાર્ષિક હિસાબો તૈયાર કરતી વખતે નીચેના હવાલા જરૂરી ગણતરી સાથે ઉકેલો અને તેની હિસાબી અસરો સમજાવો. (૦૯)

(૧) આખર સ્ટોકનું મૂલ્ય રૂ. ૫૦,૦૦૦ હતું, જેમાં ૧૦% સ્ટોકની બજાર કિંમત ૨૦% ઓછી છે અને ૨૦% સ્ટોકની બજાર કિંમત ૧૦% વધુ છે.

(૨) કાચા સરવૈયામાં રૂ. ૫૨,૦૦૦ના દેવાદારો દર્શાવેલ છે. જેમાં, રૂ. ૨,૦૦૦ ઘાલખાધના માંડી વાળો અને ૧૦% લેખે ઘાલખાધ અનામત રાખો તથા ૫% લેખે દેવાદાર પર વટાવ અનામતની જોગવાઈ કરો.

(૩) રૂ. ૨૦,૦૦૦નો માલ આગથી નાશ પામ્યો અને વીમા કંપનીએ ૮૨% દાવો મંજૂર કર્યો.

(બ) વેપાર ખાતું અને નફા-નુકસાન ખાતું પર નોંધ લખો. (૦૬)

પ્રશ્ન-૩: અમન, સમન અને ચમન ૩ : ૨ : ૧ મુજબ નફો-નુકસાન વહેંચતા ભાગીદારો છે. તા. ૩૧-૩-૨૦૧૮ના રોજ તેમણે પેઢીનું વિસર્જન કરવાનું નક્કી કર્યું. તે દિવસે તેમનું પાકું સરવૈયું નીચે પ્રમાણે હતું. (૧૫)

| જવાબદારીઓ | | રૂ. | મિલકતો | | રૂ. |
|---|---|---|---|---|---|
| મૂડી: | | | પાઘડી | | ૪૦,૦૦૦ |
| અમન | ૪૦,૦૦૦ | | યંત્રો | | ૬૪,૦૦૦ |
| સમન | ૬૦,૦૦૦ | | સ્ટોક | | ૬૦,૦૦૦ |
| ચમન | ૮,૦૦૦ | ૧,૦૮,૦૦૦ | દેવાદારો | ૮૦,૦૦૦ | |
| સામાન્ય અનામત | | ૨૪,૦૦૦ | - ઘા. અના. | ૪,૦૦૦ | ૭૬,૦૦૦ |
| બેન્ક લોન | | ૫૨,૦૦૦ | લેણીહૂંડી | | ૨૪,૦૦૦ |
| લેણદારો | | ૧,૦૮,૦૦૦ | રોકડ સિલક | | ૧૬,૦૦૦ |
| | | | નફા-નુકસાન ખાતું | | ૧૨,૦૦૦ |
| | | ૨,૯૨,૦૦૦ | | | ૨,૯૨,૦૦૦ |

વધારાની માહિતી: